# ચૈત્રી નવરાત્રીના પ્રારંભે ભાવિકો ઉમટ્યા

## શહેરમાં માતાજીના મંદિરો માઈભક્તોથી ઉભરાયાં : માતાજીના વિશેષ શ્રૃંગાર સાથે વિવિધ પૂજા, અર્ચના અને આરતી યોજાયા : નવ દિવસ સુધી માતાજીની આરાધના કરાશે : ઉપાસકો ઉપવાસ અને મૌન સાધના કરશે

ગાંધીનગર, તા.૨૨

ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થતા પાટનગરમાં માઈભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

શહેરમાં આવેલા માતાજીના મંદિરો આજે માઈભક્તોથી ઉભરાઈ ગયા હતા. મંદિરોમાં શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આજે ચૈત્ર મહિનાની શુભ શરૂઆતે માતાજીની આરાધના માટેનું પર્વ એટલે ચૈત્રી નવરાત્રીની શરૂઆત થતાં જવારા સ્થાપવાની સાથે ઘટ સ્થાપના કરવામાં આવે છે. અને નવ દિવસ સુધી માતાજીની આરાધના કરવામાં આવશે. આજે સમગ્ર શહેરમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. આજે ચૈત્ર સુદ એકમના બુધવારે શકિત ઉપાસનાનું મહાપર્વ ચૈત્રી નવરાત્રીનો આજથી પ્રારંભ થયો છે. આ પ્રસંગે શહેરના મંદિરોમાં માતાજીના વિશેષ



શ્રૃંગાર સાથે વિવિધ પૂજા, અર્ચના અને આરતી યોજાયા હતા જેનો શ્રદ્ધાળુઓએ ધાર્મિક લાભ લીધો હતો. આજથી શહેરમાં શકિત ઉપાસકો મા દેવીની આરાધના કરશે અને કેટલાક ઉપાસકો તો સળંગ નવ દિવસ સુધી નકોરડા ઉપવાસ પણ કરે છે.

ચૈત્રી નવરાત્રીમાં સાધકો મૌન રાખીને નવ દિવસની આરાધના કરે છે. આજથી નવ દિવસ માટે માતાજીના મદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળશે. આજથી માતાજીને નવ દિવસ વિવિધ શ્રૃંગાર કરાશે.

## પેથાપુર ખાતે ચૈત્રી નવરાત્રીના ગરબા મહોત્સવનો પ્રારંભ

ગાંધીનગર ખાતે પેથાપુરમાં બસ સ્ટેન્ડ પાસેના અંબાજી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રી મહોત્સવ દરમિયાન ગરબા યોજાય છે. અંદાજે છેલ્લા ૬૦ વર્ષથી જગત જનની મા જગદંબાના ચૈત્રી નવરાત્રીનુ આયોજન સમસ્ત ગ્રામજનો દ્વારા થાય છે. પેથાપુર તેમજની આજુબાજુના તમામ ગામના ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમે છે. આ સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનનો તથા આરતીના દર્શનનો લાભ લે છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



તુ ભલે બાવો રહ્યો પરંતુ આધાર કાર્ડ અને પાનકાર્ડ મર્જ નહી કરે તો... આનાથી પણ વધુ બાવો થઇ જઇશ...!!

## વૈષ્ણોદેવી બ્રિજ નીચેથી એકટીવાની ઉંઠાતરી

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરના ખોરજ ગામની સીમમાં વૈષ્ણોદેવી બ્રિજ નીચે એકટીવા મુકીને નોકરી ગયેલી મહિલાનું એકટીવા ચોરી થઈ ગયું છે. અડાલજ પોલીસ મથકે રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વાર મળતી વિગત મુજબ અમદાવાદના રાણીપ કલાસાગર હાઈટ્સ, બેંક ઓફ બરોડા નજીક રહેતા શૌરીન કાંતિલાલ પટેલ પરિવાર સાથે રહે છે. યુવક નરોડા જીઆઈડીસી ખાતે ડીસ્માન ફાર્મા કંપનીમાં નોકરી કરે છે.

જયારે તેની પત્ની બિજલબેન સુમર બાયોટેક કંપની ગોઝારીયા ખાતે ફરજ બજાવે છે. જયારે તેની પત્ની બિજલ એકટીવા નં. જી.જે.૦૧.એસ.પી.-૯૫૦૨ લઈ નોકરી જવા માટે નીકળે છે.જયારે એકટીવા વૈષ્ણોદેવી બ્રિજ પાસે પાર્ક કરી ઈકો ગાડીમાં નોકરી આવન જાવન કરે છે.

ત્યારે ગત તા.૧૩-૩-૨૩ ના રોજ સવારના આઠ વાગે એકટીવા બ્રિજ નીચે મુકી ફરીયાદીની પત્ની નોકરી ગઈ હતી.જયારે સાંજે આઠ વાગે આવીને જોયુ તો બ્રિજ નીચે પાર્ક કરેલુ એકટીવા ચોરી થઈ ગયું હતું.

જેથી એકટીવા ચોરી અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી આવ્યું ન હતું. જેથી યુવકે અડાલજ પોલીસ મથકે રૂ.૨૦ હજારની કિંમતના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મગોડી પાસેથી વિદેશી દારૂની સાત બોટલ ઝડપાઈ

### પોલીસને જોઈ શખ્સ થેલી મુકી જતો રહ્યો હતો

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગરના મગોડી ગામના પાટીયા પાસે દારૂનો જથ્થો ચિલોડા પોલીસે ઝડપી પાડ્યો હતો. જો કે પોલીસને જોઈ શખ્સ દારૂ મુકી નાસી ગયો હતો. ત્યારે પોલીસે રૂ.૨૦૨૩ ના દારૂના જથ્થો કબ્જે કરી નાસી ગયેલા શખ્સ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે મગોડા ગામના પાટીયા પાસે ગોપાલજી ગોબરજી ઠાકોર (રહે ઠાકોરવાસ મગોડી ગામ) વિદેશી દારૂની બોટલ લઈને ઉભો રહ્યો છે. જેથી પોલીસે તપાસ કરતા ગામના પાટીયા પાસો શખ્સ હાથમાં પ્લાસ્ટીકની કોથળી લઈને ઉભો રહ્યો હતો. પોલીસે ગોપાલજીને પકડી પાડે તે પહેલા તે કોથળી મુકીને નાસી ગયો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશીદારૂની સાત બોટલ કિં.૨૦૨૩ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## લેકાવાડા ગામના બાળકોએ નારદીપુર ખાતે નવનિર્મિત બગીચાની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના નારદીપુર ખાતે નવનિર્મિત તળાવ સહિત બગીચાનું ખાતમુર્હુત ગત શનિવારના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કર્યું હતું. રવિવારના રોજ ગાંધીનગરના લેકાવાડા ગામના 'વૈદિક બાળ સંસ્કાર કેન્દ્ર'માં દર શનિવારે આવી શારીરિક તથા નૈતિક શિક્ષા પ્રાપ્ત કરતાં બાળકોએ આ બગીચાની મુલાકાત લીધી હતી. લેકાવાડાના બાળકોએ બગીચામાં વોલીબોલ, ક્રિકેટ, કબડ્ડી જેવી અનેક રમત ગમતો રમી મોજ કરી હતી. વૈદિક પ્રાર્થના તથા હવન પણ કર્યો હતો. પાણીમાં છબછબિયાં કરી ખૂબ મસ્તી કરી હતી અને અંતે ગરમ ગરમ ગોટાનો આસ્વાદ પણ માણ્યો હતો. બાળકો સાથે મહેન્દ્ર મુનિ, બ્રહમચારી જ્ઞાન પ્રકાશ, કાંતિભાઈ પટેલ, ગમનભાઈ પટેલ તથા વાહન ચાલક પ્રગ્નેશસિંહ જોડાયાં હતાં. બાળકોએ નારદીપુરથી પાછા વળતા રૂપાલ ગામ ખાતે આવેલ વરદાયિની માતાના મંદિરે દર્શન પણ કર્યા હતા.

## લેકાવાડા ગામ ખાતે મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા.૨૨

ભારતીય અત્યંત વીર, સાહસી, નિર્ભિક, રાષ્ટ્ર તથા ધર્મની રક્ષા હેતુ મુઘલો સામે બાથ ભીડી, પોતાનું જીવન સમર્પિત કરી દેનાર રાજપૂત 'મહારાણા પ્રતાપ'ની પ્રતિમાનું ગાંધીનગરના લેકાવાડા ગામ ખાતે આજે ચૈત્ર શુક્લા પ્રતિપદાની સુપ્રભાતે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિમા અર્થે ગામના મુખ્ય બે વાઘેલા પરિવારે બહું મોટું દાન કર્યું હતું. પ્રતિમાના ઉદ્દ્ઘાટન પૂર્વે ગ્રામજનોએ રામજી મંદિરથી સત્ય સનાતન ધર્મની ધજા ફરકાવી પ્રતિમા સુધી ઢોલ નગારા સાથે



શક્તિ અને ભક્તિનું પ્રદર્શન કર્યું હતું. ગ્રામજનોએ વીર ઐતિહાસીક મહાપુરુષને યાદ કરી તેમની પ્રતિમાનું સ્થાપન ગામના મુખ્ય દ્વારે કર્યુ છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના પેથાપુર ચાર રસ્તા ખાતે પણ મહારાણા પ્રતાપની પ્રતિમા સ્થાપિત છે.

## પેથાપુરમાં ઘર પાસે ફ્ન્ટીમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,તા.૨૨

ગાંધીગનરના પેથાપુર ગામમાં મોટીશેરી વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરેલી ગાડીમાંથી દારૂ-બિયરનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે કાર, દારૂ-બિયર મળી કુલ રૂ.૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર ગામે મોટી શેરીમાં રહેતા કિશનસિંહ ઉર્ફે ભોલો મનુસિંહ ડાભી તેમના ઘર પાસે મારૂતિ ફ્ન્ટી વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર રેઈડ કરી પેથાપુર મોટીશેરી ખાતે રહેતા કિશનસિંહ ડાભીના ઘર પાસે મારતી ફ્ન્ટી પડી હતી. જે ગાડીનો નં.જી.જે.૦૮.એફ.-૭૦૧૫ હતો. જે ગાડીના માલિક અંગે તપાસ કરતા કિશનસિંહ ડાભી હતી. જેથી પોલીસે ઘરેથી ગાડીની ચાવી મંગાવી તપાસ કરતા પોલીસને ગાડીમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-૪૦ તેમજ બિયરના ૧૬૮ ટીન મળી આવ્યા હતા. પોલીસે બ્લેન્ડર બોટલ નંગ-૪ કિં. ૩,૯૪૦, ઓલ સિઝન ૧૨ બોટલ કિં. ૮,૧૬૦, રોયલ સ્ટેગ બોટલ નંગ-૨૪ કિં. ૧૬,૩૨૦ અને બિયરના ટીન ૧૬૮ કિં. ૨૦,૧૬૦ અને ગાડી કિં.૬૦ મળી કુલ રૂ.૧,૦૮૫૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કિશનસિંહ ડાભી સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ૨૯મી માર્ચથી ૫ એપ્રિલ દરમ્યાન ગાંધીનગરમાં જી.૨૦ની યોજાનાર ત્રણ બેઠકોને લઈ તંત્રએ તૈયારીઓ આરંભી છે.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા દબાણો તંત્રની ચિંતાનો મુદ્દો બની ઉભર્યા છે.
- ગાંધીનગરના આદરજ મોટી ગામેથી વરલી મટકાનો આંખ ફરકનો જુગાર રમાડનાર બે ઈસમો ઝડપાયા.
- ગાંધીનગર વૈષ્ણવદેવી બ્રીજ નીચે પાર્ક કરેલી એક્ટીવાની ચોરીની ઘટના નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગની સમસ્યા સૌને સતાવી રહી છે.
- ધારીસણા ગામે બ્રહ્માણી માતાના મંદિરને એક વર્ષમાં ચોથીવાર તસ્કરોએ નિશાન બનાવ્યુ.
- દહેગામના પાટનાકુવા ગામે ત્રણ ટ્રેક્ટરની બેટરીની ચોરીની ફરિયાદ નોંધાઈ છે.
- જિલ્લામાં જીવલેણ અકસ્માતોમાં થયેલા વધારાએ તંત્રની ચિંતા વધારી.
- ગાંધીનગર જિલ્લાએ ઈ.શ્રમ કાર્ડની નોંધણીનો ૧૦૦ દિવસમાં ચાર હજારથી વધુ કાર્ડ નોંધી લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે.
- કલોલના ગામના ટેકરા પાસેથી જુગાર રમતા બે શકુનીઓ કલોલ પોલીસે ઝડપી લીધા છે.
- દહેગામમાં ગરબાના કાર્યક્રમના સ્થળે પાર્ક કરેલી ગાડીમાંથી કી બોર્ડની ચોરી થયાની ઘટના અને સી.સી.ટી.વી. ફુટેજને લઈ તપાસનો ધમધમાટ આરંભાયો છે.
- ગાંધીનગર શહેરમાં ચૈત્રી નવરાત્રિને લઈ ભક્તિનો માહોલ છવાયેલો છે.
- શહેરમાં શાકભાજીના ભાવમાં અસહ્ય ભાવ-વધારો તો ફ્રૂટ્સ પણ મોંઘા થતાં મધ્યમ વર્ગ મુશ્કેલીમાં મુકાયો.
- માર્કેટયાર્ડમાં ધીમી ગતિએ ઘઉંની આવક શરૂ થઈ છે.
- શાહપુર પ્રા. શાળામાં મફત મહિલા આરોગ્ય કેમ્પ યોજાયો હતો.
- ચિલોડા જનક મંડળ તથા સિનીયર સિટીજન દ્વારા કચ્છનો પ્રવાસ યોજાયો હતો.
- ગાંધીનગરમાં વસતા મહારાષ્ટ્રીયન પરિવારોએ આજે ગુડી પડવાની ધામધૂમથી ઉજવણી કરી હતી.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં કોરોનાના પ્રિકોશન ડોઝ લેવા એક પણ લાભાર્થી નોંધાયેલ નથી.



ભર ચોમાસામાં હોય તેવા દૃશ્યો ભર ઉનાળે સર્જાઈ રહ્યા છે. છેલ્લા બે દિવસથી સમી સાંજે ભારે પવન સાથે વરસાદી ઝાંપટુ ખાબકે છે અને ઠેર ઠેર પાણી પાણી કરી દે છે. ગઈકાલે રાત્રે પડેલા જોરદાર વરસાદ બાદ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સેક્ટર-૨૨ જૈન દેરાસર પાસે પાણી ભરાતા બે કાર તેમાં ફસાઈ ગઈ હતી.





મહિલા દિન નિમિત્તે સંસ્કૃતિ પરિવાર દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મહિલાઓએ મોટી સંખ્યામાં વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

## થિયોસોફિકલ સોસાયટીના વિકાસ માટેની મિટિંગ સે- ૧૪ ખાતે યોજાઈ



ગાંધીનગર, તા.૨૨

થિયોસોફિકલ સોસાયટી ગાંધી નગર સેક્ટર ૧૪ ખાતે પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ ની અધ્યક્ષતામાં યોજાયેલી હતી.

આ મિટિંગ માં ગિરીશ નીલગીરી, કાંતિ ભાઈ પટેલ એડવોકેટ, મફતભાઈ દેસાઈ પૂર્વ પ્રમુખ વોર્ડ નંબર ૬ બીજેપી, ભાવિકા બેન સરવૈયા, ઉષા બેન ચૌહાણ, મહેંદ્ર ભાઈ ચૌહાણ, અને મંત્રી વિજય સિંહ માજી રાણા, જયંત ભાઈ તથા ધર્મિષ્ઠા બેન ચૌહાણ સહિત સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

આ મિટિંગ માં ગિરીશ નીલ ગીરી, ડૉ ગુલાબ ચંદ પટેલ, વિજય સિંહ રાણા, કાંતિ ભાઈ પટેલ એડવોકેટ, દ્વારા થિયોસોફિકલ સોસાયટી ઈની માહિતી આપી હતી અને મફત ભાઈ દેસાઈ દ્વારા સંસ્થા ને સંપૂર્ણ મદદ માટે જાહેરાત કરી હતી

આ મિટિંગ માં નવા સભ્યો જોડાયા છે અને ગાયક કલાકાર શ્રવણ ભાઈ પરમાર, દર્શન દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા અને અંત માં આભાર વ્યક્ત મહેંદ્ર ભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યો હતો.

## ટીંટોડા ખાતે ઈ-શ્રમ કાર્ડ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

ભારત હવે "ડિજિટલ ઈન્ડિયા" અભિયાન અંતર્ગત દુનિયાભરમાં નામના મેળવી રહ્યું છે જેમાં પણ ગુજરાત અગ્રેસર જોવા મળે છે.

આજે ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગ્રામ પંચાયત ખાતે ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ તલાટી રંજનબેન અને ગ્રામ પંચાયતના શૈલેન્દ્ર ઠાકોર, મુકેશ ઠાકોર, અમર ઠાકોર, અજમેલજી ઠાકોર વગેરે ગ્રામજનોના સહયોગથી યોજાયો હતો. કેમ્પમાં ગામના નાગરિકો દ્વારા ઈ-શ્રમ કાર્ડનો લાભ લેવામાં આવ્યો હતો આવ્યો હતો.

## IAR યુનિવર્સિટી ગાંધીનગર ખાતે G20 અંતર્ગત યુવા સંવાદ-ઈંડિયા @2047 યોજાયો



ગાંધીનગર, તા.૨૨

તારીખ ૧૭ મી માર્ચ, ૨૦૨૩ ના રોજ ઈંસ્ટિટ્યુટ ઓફ એડવાંસ રીસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન અને ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ ઝગડીયા, ભરૂચના સહ યોગથી આઝાદી કા અમૃત મહોત્સવ તથા G20 અંતર્ગત યુવા સંવાદ-ઈંડિયા @ 2047 યોજાયો. જેમાં IAR યુનિવર્સિટી અને ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજના ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.યુવા સંવાદમાં પંચ પ્રાણ જેવા કે,વિકસિત ભારતનું લક્ષ્ય, ભારતના સાંસ્કૃતિક વારસો, એકતા અને અખંડિતતા, નાગરિકોમાં દેશ પ્રત્યે ફરજની ભાવના વગેરે દેશ પ્રત્યેની ભાવના વિગેરે મુદ્દાઓ પર સંવાદ યોજાયો. જેમાં વિદ્યાર્થીઓ જે ખૂબ ઉત્સાહ અને ઉમંગભેર ભાગ લીધો હતો.યુવા સંવાદમાં રજીસ્ટ્રાર ડો. મનિષ પરમારે સર્વેને આવકાર્યા હતા. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજના આચાર્ય ડૉ. જયેશ પૂજારાએ કાર્યક્રમનાં મુખ્ય અતિથી તથા તજજ્ઞ તરીકેની સેવાઓ આપી હતી. આ યુવા સંવાદનો ધન્યવાદ પ્રસ્તાવ એન.એસ.એસ કોઓર્ડીનેટર અવિનાશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડો. સુધિર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.